# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૧/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# રોકાણકારોને બધામાં નહીં પણ જે બિઝનેસમાં સમજ પડે છે એમાં રોકાણ કરવુ જોઇએ

## ચેમ્બરમાં 'કેપીટલ માર્કેટ' વિશે સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૧૧/૧/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'કેપીટલ માર્કેટ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં એમકે વેલ્થના સીઇઓ શ્રી ભાવેશ સંઘવી, રિસર્ચ વિભાગના વડા ડો. જોસેફ થોમસ અને શ્રીમતી નમિતા અગરવાલે અનુક્રમે 'વેલ્થ ક્રિએશન સ્ટ્રેટેજીસ ફોર ગ્રોથ ઈન કરન્ટ માર્કેટ', 'મલ્ટી–કરન્સી પોર્ટફોલિયો મેનેજમેન્ટ' અને 'સકસેશન પ્લાનીગ' વિષય ઉપર હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે, વધારે આવક ઉભી કરવા માટે યોગ્ય દિશામાં ઇન્વેસ્ટમેન્ટ કરવુ પડે છે. કેપીટલ માર્કેટ થકી સંપત્તિનું સર્જન કરી શકાય છે. આવકને કુનેહપૂર્વક ઇન્વેસ્ટ કરો એટલે રોકાણમાં સફળ થવાય છે.

વકતા શ્રી ભાવેશ સંઘવીએ જણાવ્યુ હતુ કે, શેર માર્કેટમાં લોકોની જરૂરિયાત જુદી–જુદી હોય છે. તેઓ વેલ્થને કેટલી ગતિથી વધારવા માગે છે તેની કલ્પના પણ કરી શકાય નહી. પરિવારનો આર્થિક ગોલ મહત્વનો હોય છે. આ ગોલ સુધી પહોંચવા માટે રિસ્ક લેવુ પડે છે. એસેટ એલોકેશન માટે ગોલ અને રિસ્ક મેનેજમેન્ટ મેચ થવા

જોઇએ. સામાન્યપણે લોકો ફિક્સ ડિપોઝીટ, મ્યુચ્યુઅલ ફંડ અને શેર બજારમાં રોકાણ કરતા હોય છે. પરંતુ એના માટે પણ ટાઇમ મેનેજમેન્ટ હોવુ જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રોકાણકારે પોતાનો પોર્ટફોલિયો રિવ્યૂ કરવો જોઇએ. રોકાણ કરવા માટે માઇન્ડ સેટ અને ફ્રેમવર્ક મહત્વનુ હોય છે. માર્કેટ ડાઉન થાય તો એવી પરિસ્થિતિમાં રોકાણકાર કઈ રીતે બિહેવ કરે છે એ પણ એટલુ જ મહત્વનું હોય છે. એના માટે રોકાણકારોએ પોર્ટફોલિયો બનાવવો જોઇએ. તેમણે કહયુ કે રોકાણકારને બધામાં ઇન્વેસ્ટ કરવાની જરૂર નથી. એને જે બિઝનેસમાં સમજ પડે છે તેમાં રોકાણ કરવુ જોઇએ.

વકતા ડો. જોસેફ થોમસે રોકાણકારોને રિસ્ક બેઇઝ્ડ ફેકટર્સ અને રીટર્ન બેઇઝ્ડ ફેકટર્સ વિશે સમજણ આપી હતી. તેમણે ડેબ્ટ સ્કીમ્સ સિલેકશન પ્રોસેસ તેમજ ચાર સ્ટેપ જેવા કે આલ્ફા, બીટા, ગામા અને ઓમેગા સ્ટેપ વિશે માહિતી આપી હતી. રોકાણકારોને માર્કેટને સમજવા માટે ઇન્ટરેસ્ટ રેટ એન્ડ લિકવીડિટી, અર્નીંગ ગ્રોથ એન્ડ જીડીપી ગ્રોથ અને સેન્ટીમેન્ટ ફેકટર્સને ફોલોઅપ કરવાના રહે છે. તેમણે કન્ઝયુમર પ્રાઇસ ઇન્ડેકસમાં વિવિધ વર્ષે આવેલા ઉતાર–ચડાવ, ફોરેન કરન્સી અને ઇન્ટરનેશનલ ફંડ્સ વિશે પણ રોકાણકારોને સમજણ આપી હતી.

અન્ય વકતા શ્રીમતી નમિતા અગરવાલે એસ્ટેટ સકસેશન પ્લાનીગ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, હિન્દુ સકસેશન એકટ મુજબ વ્યકિતના મૃત્યુ બાદ તેની માતા, પત્ની અને બાળકો કાયદાકીય હકદાર હોય છે. ભવિષ્યમાં પરિવારને મુશ્કેલી નહી થાય તેના માટે હયાતીમાં વીલ બનાવી દેવુ જોઇએ. વીલ બનાવવા માટે સ્ટેમ્પ પેપર કે રજિસ્ટ્રેશનની જરૂર નથી. સાદા પેપર પર લખીને સહી કરી બે સાક્ષીઓની સહી કરવાની હોય છે. તેમણે પ્રાઇવેટ ફેમિલી ટ્રસ્ટ, ટ્રસ્ટ ઓફ એનઆરઆઇ ચિલ્ડ્રન, એસેટ પ્રોટેકશન ટ્રસ્ટ અને ફેમિલી કોન્સ્ટીટયુશન વિશે માહિતી આપી હતી.

ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડીટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. જયારે કમિટીના ચેરમેન શ્રી કેતન દલાલ અને કો–ચેરમેન અયુબ યાકુબઅલીએ પ્રાસંગિક વિધી કરી હતી. સેમિનારમાં વકતાશ્રીઓએ રોકાણકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ફાયનાન્સ સેલના કન્વીનર શ્રી જનક પચ્ચીગરે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.